**થરાદના મહે.એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મું. થરાદ.**

**ક્રિ.કેશ.નં.૧૨૫૩/૨૦૨૫**

**ફરીયાદીઃ–** શ્રી સરકાર

વિરુધ્ધ

**આરોપીઓઃ** (૧) દશરથભાઈ પરાગભાઈ સોલંકી
રહે.નેસડા ગોલપ,તા.સુઈગામ,જી.બનાસકાંઠા
(૨) ભરતભાઈ ભુરાજી મહાદેવજી રાઠોડ (રાજપુત)
રહે.ટડાવ,તા.વાવ, હાલ રહે.પાલનપુર જામપુર,
વિસ્તાર,તા.પાલનપુર,જી.બનાસકાંઠા
(૩) પ્રવિણભાઈ માનાજી સોલંકી
રહે.ચાંદરવા,તા.વાવ,જી.બનાસકાંઠા
(૪) ચંન્દ્રેશસિંહ અભાજી વાલાજી રાજપુત (ગોહીલ)
રહે.ખીમાણાપાદર,તા.વાવ,જી.બનાસકાંઠા
(૫) નરેન્દ્રસિંહ ગજાજી માદેવજી રાજપુત (રાઠોડ)
રહે.ટડાવ,તા.વાવ,જી.બનાસકાંઠા
(૬) નરેશભાઈ દુદાભાઈ રામજીભાઈ રાજપુત (સોલંકી)
રહે.રાજપુત વાસ ગામ.ભરડવા,તા.સુઈગામ,જી.બીકે

**ગુનોઃ–** ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૦૯(૬),૩૧૦(૨),
૧૧૮(૧),૧૧૭(૨),૧૧૫(૨),૩૫૧(૩),૨૯૬(બી), ૩૨૪(૬),
૧૮૯(૨),૧૯૦,૧૯૧(૨)(૩) મુજબ..

**<u>ક્રિમીનલ કેસ નં.૧૨૫૩/૨૦૨૫ ના કામે આંક–૧ (ચાર્જશીટ) નીચે હુકમ</u>**
**<u>–//કમીટલ ઠરાવ//–</u>**

(૧) ફરીયાદીની ફરીયાદ આધારે થરાદ પોલીસ સ્ટેશન તરફથી હાલના આરોપીઓ સામે થરાદ પો.સ્ટે.પાર્ટ–એ.ગુ.ર.નં .૧૧૧૯૫૦૫૦૨૫૦૫૯૭/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૦૯(૬), ૩૧૦(૨), ૧૧૮(૧), ૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫૧ (૩), ૨૯૬(બી), ૩૨૪(૬), ૧૮૯(૨), ૧૯૦,૧૯૧(૨)(૩) મુજબના ગુનાનું ચાર્જશીટ દાખલ કરેલ છે. હાલના આરોપીઓ સામેનો ગુનો ભારતીય

ન્યાય સંહિતા-૨૩ ની કલમ- ૭૫(૨) સેશન્સ ટ્રાએબલ ગુનો છે અને આ ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા અત્રેની અદાલતને નથી, નામદાર સેશન્સ અદાલતને છે, તેવી વૈધાનિક જોગવાઈ છે.

(૨) ઉપરોક્ત હકિકત ધ્યાને લેતાં આરોપીઓને તેમની વિરુદ્ધના પોલીસ પેપર્સની નકલો આપી, આરોપીના જવાબ રેકર્ડ કરતાં, તેઓએ તેમના સ્વખર્ચે વકિલ રોકવા જણાવેલ છે.

(૩) ઉપરોક્ત હકિકત ધ્યાને રાખતાં, આ ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા અત્રેની અદાલતને નથી. નામદાર સેશન્સ અદાલતને છે.

જેથી હાલના આરોપીઓ સામેના ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા સારું આ કેસ નામદાર સેશન્સ અદાલતમાં કમીટ કરવો જરુરી જણાતું હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-હુકમ-**

(૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૨ અન્વયે આરોપીઓ પરનો કેસ નામદાર સેશન્સ અદાલત, થરાદ તરફ કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કેસનું તમામ રેકર્ડ તથા મુદ્દામાલ નામદાર સેશન્સ અદાલત,થરાદમાં મોકલી આપવો.

(૩) આ કેસ કમીટ થયા અંગેની જાણ જીલ્લા સરકારી વકીલશ્રીને કરવી.

હુકમ આજ તા.૨૭ મી માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૭/૦૩/૨૦૨૬

થરાદ

(કુ.અફસાના એચ.મુન્દ્રા)
એડી.ચીફ જ્યુ.મેજી.થરાદ
Code No.GJ01010